રજુ તારીખ : ૨૧/૦૬/૨૦૨૫
દાખલ તારીખ : ૨૧/૦૬/૨૦૨૫
ફેસલ તારીખ : ૦૮/૦૭/૨૦૨૬
અવધિ : ૦૧ વર્ષ ૦૦ માસ ૧૭ દિવસ

====================================

**આંકલાવના મહેરબાન પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મું.આંકલાવ.**

====================================

રે.દિ.મુ.નં.૩૮/૨૦૨૫
આંક –

**વાદી :** **ગોહિલ ભરતભાઈ મોહનભાઈ**
ઉ.વ.આ.૫૪, ધંધો : મજુરી,
રહે.ભાથીજી ફળીયું, નાનો ભાગ, મુ.શેરખી, તા.જી.વડોદરા

**વિરુધ્ધ**

**પ્રતિવાદી :** **જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી/તલાટી કમ મંત્રીશ્રી**
કહાનવાડી ગ્રામ પંચાયત, મુ.કહાનવાડી,
તા.આંકલાવ, જી.આંકલાવ

====================================

**વિષય : સ્પેસીફીક રીલીફ એકટની કલમ–૩૪ મુજબ દાવો રૂા.૧૦૦૦/– ના આંકથી જાહેરાત માટેનો દાવો.**

====================================

| | | |
|---|---|---|
| **વાદી તર્ફે** | : | **વિ.વ.શ્રી પી.વી.રાઠોડ** |
| **પ્રતિવાદી તર્ફે** | : | **વિ.વ.શ્રી એસ.આર.પરમાર** |

====================================

**-:: <u>ચુકાદો</u> ::-**

(૧) વાદીના દાવાની વિગત એવી છે કે, વાદી ઉપરોક્ત જણાવેલ સરનામે કાયમી વસવાટ કરે છે. વાદીના કુલ ચાર સંતાન છે જેમાં (1) ઇલાબેન (2) અંકિતભાઇ (3) નિરૂબેન (4) યુવરાજભાઇ. જેમાં વાદી નું બીજું સંતાન સગીર પુત્ર નામે અંકિતભાઇ ભરતભાઇ ગોહિલ છે. વાદીના સગીર પુત્ર નામે અંકિતભાઈ નાઓનો જન્મ મોજે ગામ કહાનવાડી તા.આંકલાવ જી.આણંદ ખાતે તા.10/07/2011 ના રોજ થયેલ. વાદીના પુત્રને સરકારી કામકાજ માટે જન્મના દાખલાની જરૂર પડતાં વાદી ગ્રામ પંચાયત કચેરી કહાનવાડી મુકામે ગયેલ અને જન્મ-મરણ નોંધણી અધિકારી પાસેથી તા.27/05/2025 ના રોજ પુત્ર અંકિતભાઇનો જન્મનો દાખલો કઢાવેલ તો તેમાં બાળકનું પુરુ નામના (Child's Full Name) કોલમમાં નામ "અંકિતભાઇ ખોડાભાઇ ઉર્ફે ભરતભાઈ ગોહિલ (ANKITBHAI KHODABHAI URFE BHARATBHAI GOHIL)" લખેલ છે. જેથી જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રીને વાદીએ મૌખીક જણાવેલ કે આ જન્મના દાખલામાં બાળકનું પુરુ નામમાં ભુલ છે. મારા પુત્ર અંકિતભાઇના નામની પાછળ જે પિતાનું નામ લખેલ છે તેમાં "ખોડાભાઇ ઉર્ફે" શબ્દ કાઢી નાંખો અને સાચુ નામ "અંકિતભાઇ ભરતભાઇ ગોહિલ" (ANKITBHAI BHARATBHAI GOHIL) છે જે સુધારી આપો, જેથી જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રીએ સુધારો કરી આપવાની ના પાડેલ અને જણાવેલ કે કોર્ટમાંથી હુકમ લઇ આવો તો જ સુધારો કરી આપીશ જેથી હાલનો આ દાવો દાખલ કરવાનું કારણ ઉપસ્થિત થયેલ છે. વાદીના તમામ આધારભૂત પુરાવા જેવા કે સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટ, આધારકાર્ડ, ચુટણી કાર્ડ માં નામ "ભરતભાઇ મોહનભાઇ ગોહિલ" લખેલ જે 'નામ' સાચુ અને ખરું છે અને વાદીના પુત્ર અંકિતભાઇના જન્મ પ્રમાણપત્રમાં પિતાના નામના કોલમમાં પણ વાદી(પિતાનું) નામ "ભરતભાઇ મોહનભાઇ ગોહિલ" લખેલ છે અને અમો વાદીના સગીર પુત્ર અંકિતભાઈના શાળા દફ્તરે પણ નામ "અંકિતભાઇ ભરતભાઇ ગોહિલ" છે. જેથી વાદીએ દાદ માંગેલ છે કે, વાદીના સગીર પુત્ર "અંકિતભાઇ" નાઓનું પુરુ નામ

"અંકિતભાઈ ભરતભાઈ ગોહિલ" (ANKITBHAI BHARATBHAI GOHIL) છે. વાદીના પુત્ર "અંકિતભાઈ" નાઓના જન્મપ્રમાણપત્રમાં બાળકના પુરુ કોલમમાં લખેલ નામ “અંકિતભાઈ ખોડાભાઈ ઉર્ફે ભરતભાઈ ગોહિલ” સાચું નથી. જે જાહેર કરતો હુકમ તથા હુકમનામું વાદીના લાભમાં કરી આપવા તેમજ આ કામના પ્રતિવાદીએ જન્મ–મરણ રજીસ્ટ્રર અને જન્મપ્રમાણપત્રમાં બાળકનું પુરું નામ વાળા કોલમમાં વાદીના પુત્રનું પુરુ સાચું નામ "અંકિતભાઈ ભરતભાઈ ગોહિલ (ANKITBHAI BHARATBHAI GOHIL)" છે તે મતલબનો સુધારો કરી આપવાનો હુકમ વાદીના લાભમાં કરી આપવા દાદ માંગેલ છે.

(૨) આ કામે પ્રતિવાદી તરફે આંક–૦૬ થી લેખિત જવાબ રજૂ કરી જણાવેલ છે કે, સદરહું દાવામાં વાદીના માગ્યા મુજબનો નામદાર કોર્ટ ધ્વારા સુધારો કરવાનો હુકમ કરવામાં આવે તો તેઓ પ્રતિવાદી જન્મ–મરણ રજીસ્ટ્રરે સુધારો કરવા ખુશી છે.

(૩) ત્યારબાદ વાદી તથા પ્રતિવાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

➢ **<u>વાદી તરફે મૌખિક પુરાવા :–</u>**

| **અનુ.નં.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| (૧) | ૧૧ | વાદી ગોહિલ ભરતભાઈ મોહનભાઈનું પુરાવાનું સોગંદનામું |

➢ **<u>વાદી તરફે દસ્તાવેજી પુરાવા :–</u>**

| **અનુ. નં.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| (૧) | ૧૪ | વાદીના પુત્ર ''અંકિતભાઈ'' નાઓના જન્મ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ |
| (૨) | ૧૫ | વાદીના સ્કુલ લિવિંગ સર્ટીફીકેટની પ્રમાણિત નકલ |
| (૩) | ૧૬ | વાદીના ચૂંટણીકાર્ડની પ્રમાણિત નકલ |

| | | |
|---|---|---|
| (૪) | ૧૭ | વાદીના આધારકાર્ડની પ્રમાણિત નકલ |
| (૫) | ૧૮ | વર્તમાનપ્રમાં આપેલ જાહેર પ્રસિધ્ધિની કોપી |

(૪) ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સિવાય વાદી તરફે સદરહુ કામે વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી અને વાદી તરફે આંક–૨૦ થી પુરાવા બંધની પુરશીશ રજુ કરેલ છે.

(૫) આ કામે પ્રતિવાદીને હાજર રહેવા સારું તથા વાદીની ઉલટ–તપાસ કરવા સારું પ્રતિવાદી કોર્ટ સમક્ષ હાજર રહેલ ન હોય કે પ્રતિવાદીને ઉલટ તપાસ કરવામાં કોઈ વિશેષ રસ ન હોય તેમ જણાય આવતું હોય, પ્રતિવાદીનો વાદીની ઉલટ–તપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૬) વાદી તરફે વિ.વ.શ્રી પી.વી.રાઠોડ નાઓએ આંક–૨૨ થી લેખિત દલીલ રજુ કરેલ છે, જે વંચાણે લેવામાં આવેલ છે. સદરહું કામે દલીલના સ્ટેજે પ્રતિવાદી તરફે દલીલ રજુ કરવામાં આવેલ ન હોય કે પ્રતિવાદી તરફે કોઈ હાજર રહેલ ન હોય તે સંજોગોમાં પ્રતિવાદીની દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૭) સદરહું દાવાના કામે આંક–૦૭ થી સદરહું દાવાના ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે.

**<u>–:: મુ દ્દા ઓ ::–</u>**

**મુદ્દા નં.૧ :–** શું વાદી દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે?

**મુદ્દા નં.ર :–** શું હુકમ અને હુકમનામું ?

(૮) સદરહું કામે ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો હવે પછીથી નીચે કરવામાં આવેલ વિગતવાર ચર્ચા અને તેના કારણો અનુસંધાને નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. આખરી હુકમ તથા હુકમનામા મુજબ

➢ **<u>મુદ્દા નં.૧ :–</u>**

(૯) ઉપરોકત દાવા અરજીની હકીકતો તેમજ રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં સદર કામે આંક–૧૧ થી વાદી ગોહિલ ભરતભાઈ મોહનભાઈના પુરાવાનું સોગંદનામું વંચાણે લેતાં તેઓએ પોતાના પુરાવાના સોગંદનામામાં દાવા અરજીની હકીકતને સમર્થન આપેલ છે. વધુમાં વાદી તરફે આંક–૧૪ થી વાદીના પુત્ર ''અંકિતભાઈ'' નાઓના જન્મ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ, આંક–૧૫ થી વાદીના સ્કુલ લિવિંગ સર્ટિફીકેટની પ્રમાણિત નકલ, આંક–૧૬ થી વાદીના ચૂંટણીકાર્ડની પ્રમાણિત નકલ, આંક–૧૭ થી વાદીના આધારકાર્ડની પ્રમાણિત નકલ તથા આંક–૧૮ થી વર્તમાનપ્રમાં આપેલ જાહેર પ્રસિધ્ધિની કોપી રજુ કરેલ છે. જે દસ્તાવેજી પુરાવાઓ જોતાં આંક–૧૪ થી વાદીના પુત્ર ''અંકિતભાઈ'' નાઓના જન્મ પ્રમાણપત્રની નકલમાં બાળકનું પુરું નામ ''અંકિતભાઈ ખોડાભાઈ ઉર્ફે ભરતભાઈ ગોહિલ'' લખેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે. વધુમાં પ્રતિવાદી તરફે આંક–૦૬ થી લેખિત જવાબ રજૂ કરી સદરહું દાવામાં વાદીના માગ્યા મુજબનો નામદાર કોર્ટ ધ્વારા સુધારો કરવાનો હુકમ કરવામાં આવે તો તેઓ પ્રતિવાદી જન્મ–મરણ રજીસ્ટ્રરે સુધારો કરવા ખુશી હોવાનું જણાવેલ છે.

(૧૦) સદરહું કામે વાદી તરફે રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં તેઓએ દાવા અરજીની હકિકતોને સપૂર્ણપણે સમર્થન કરેલ છે , તે અન્વયે તેઓની પ્રતિવાદી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ નથી. જેથી સદરહુ કામે વાદીએ સોગંદ ઉપર જણાવેલ હકીકતોને પ્રતિવાદી ધ્વારા પડકારવામાં આવેલ ન

હોય, તેમજ વાદી તરફે આંક–૧૫ થી ૧૮ મુજબના દસ્તાવેજી પુરાવા જોતાં વાદીનું નામ ભરતભાઈ મોહનભાઈ ગોહીલ હોય, વાદીના પુત્રનું પુરું નામ અંકિતભાઈ ભરતભાઈ ગોહિલ હોવાનું આ અદાલતનું સ્પષ્ટ માનવું છે, ત્યારે મારી સમક્ષ રજુ કેસની હકીકત અને નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓની હકીકત સુસંગત હોવાનું સ્પષ્ટ માનવાને કારણ રહે છે. જે તમામ સંજોગોમાં અરજીમાં જણાવેલ હકીકત નહીં માનવાને કોઈ કારણ નથી.

**(૧૧)** આમ, વાદી તરફે રજુ થયેલ તમામ પુરાવા ધ્યાને રાખતાં અને ઉપરોકત કરેલ ચર્ચા મુજબ હાલના દાવાના કામે રજુ કરવામાં આવેલ પુરાવાની ચકાસણી કરતાં વાદીના પુત્ર ''અંકિતભાઈ'' નું પુરું નામ ''અંકિતભાઈ ભરતભાઈ ગોહિલ'' હોવાનું સ્પષ્ટ રીતે ફલિત થાય છે. જેથી પ્રતિવાદી જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી/તલાટી કમ મંત્રીશ્રી, કહાનવાડી ગ્રામ પંચાયત, મુ.કહાનવાડી, તા.આંકલાવ, જી.આંકલાવ નાઓએ વાદીના પુત્ર અંકિતભાઈને ઈશ્યુ કરેલ જન્મના પ્રમાણપત્રમાં સુધારો કરવો વ્યાજબી અને ન્યાયી જણાતું હોઈ મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં ઠરાવી મુદ્દા નં.ર અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–: આખરી હુકમ :–</u>**

**(૧)** વાદીનો દાવો મંજૂર કરવામાં આવે છે.

**(ર)** આ કામના પ્રતિવાદીને આથી હુકમ કરવામાં આવે છે કે, વાદીના પુત્ર ''અંકિતભાઈ'' નાઓના જન્મ પ્રમાણપત્રની નકલમાં બાળકનું પુરું નામ ''અંકિતભાઈ ખોડાભાઈ ઉર્ફે ભરતભાઈ ગોહિલ'' લખેલ છે તેની જગ્યાએ વાદીના પુત્રનું સાચું નામ ''અંકિતભાઈ ભરતભાઈ ગોહિલ'' છે તે મુજબનો સુધારો કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ખર્ચ સંબંધી કોઇ હુકમ કરવામાં આવતો નથી.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજરોજ **તારીખ : ૦૮, માહે : જુલાઈ, સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : આંકલાવ.
તા.૦૮/૦૭/૨૦૨૬

**(એ.બી.સિંઘવી)**
પ્રિન્સીપાલ સીવીલ જજ, આંકલાવ.
જજ કોડ જી.જે.૦૧૫૮૬

(M.M.Pathan)
Stenographer